# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

***************************************************

1) સંસદના અંદાજપત્રનો બીજો તબક્કો આજથી શરૂ

2) રાજ્યસભામાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું, પશ્ચિમ એશિયાની સ્થિતિ પર સરકારની સતત નજર

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં દેશનું આરોગ્ય માળખુ વધુ મજબૂત બન્યું

4) દિલ્હીમાં આજથી વિકસિત ભારત યુવા સંપર્ક કાર્યક્રમનો બીજો તબક્કો શરૂ

5) બેરૂત પરના હુમલામાં લેબનોન કોર્પ્સના પાંચ વરિષ્ઠ કમાન્ડરના મોતનો ઇઝરાયલી સેનાનો દાવો

6) મધ્યપૂર્વ સંઘર્ષને પગલે સાડા ત્રણ વર્ષમાં પ્રથમ વખત તેલના ભાવ પ્રતિ બેરલ 100 યુએસ ડોલરને પાર

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# LS - ADJOURN

સંસદના અંદાજપત્રનો બીજો તબક્કો આજથી શરૂ થયો. જ્યારે લોકસભા સવારે 11 વાગ્યે કાર્યવાહી માટે મળી, ત્યારે ગૃહે શિલોંગના વર્તમાન સાંસદ અને વોઇસ ઓફ ધ પીપલ પાર્ટીના નેતા ડૉ. રિકી એન્ડ્રુ જે. સિંગકોનને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, જેમનું તાજેતરમાં અવસાન થયું હતું.

ગૃહે કુમારી સુશીલા ત્રિરિયા, દેવી બક્ષ સિંહ, પૂર્ણમાસી રામ અને કે.પી. ઉન્નીકૃષ્ણન સહિત ચાર ભૂતપૂર્વ સભ્યોને પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી. ગૃહના સભ્યોએ દિવંગત આત્માના માનમાં થોડીવાર મૌન પણ પાળ્યું. શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા પછી ગૃહને બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું.

# JAISHANKAR-RAJYA SABHA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, સરકાર પશ્ચિમ એશિયાની સ્થિતિ પર નજર રાખી રહી છે અને સંબંધિત મંત્રાલયો અસરકારક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે સંકલન કરી રહ્યા છે.

પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે રાજ્યસભામાં નિવેદન આપતા ડૉ. જયશંકરે કહ્યું કે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સરકાર નાગરિકોની સુરક્ષા અને સલામતી બંનેનું રક્ષણ કરવા માટે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે પ્રદેશમાં તણાવ ઓછો કરવા માટે વાતચીત અને રાજદ્વારી પ્રયાસો ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે સરકાર આ ક્ષેત્રમાં ભારતીયો દ્વારા સામનો કરવામાં આવતા સંઘર્ષ અને મુશ્કેલીઓ અંગે ચિંતિત છે. મંત્રીએ ઉમેર્યું કે શ્રી મોદી આ ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યા છે. ડૉ. એસ. જયશંકરે કહ્યું કે તેહરાનમાં ભારતીય દૂતાવાસ સંપૂર્ણપણે કાર્યરત છે અને ઉચ્ચ સતર્કતા પર છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે લગભગ 67 હજાર ભારતીય નાગરિક પાછા ફરવા માટે આંતરરાષ્ટ્રીય સરહદો પાર કરી ચૂક્યા છે.

# LS - CRICKET

લોકસભાએ ભારતીય ક્રિકેટ ટીમને ન્યુઝીલેન્ડને હરાવીને ICC પુરુષ T20 વિશ્વકપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે. બપોરે 12 વાગ્યે પ્રથમ મુલતવી પછી ગૃહની બેઠક મળી ત્યારે, પ્રમુખ અધિકારી જગદંબિકા પાલે કહ્યું કે, ભારતની જીતથી સમગ્ર દેશમાં વ્યાપકઉત્સાહ અને ઉજવણી થઈ છે. તેમણે કહ્યું કે, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન, ભારતીય ટીમે અનુકરણીય કૌશલ્ય, નિશ્ચય, ટીમવર્ક અને શિસ્તનું પ્રદર્શન કર્યું.

# RS - CRICKET

રાજ્યસભાએ ભારતીય ક્રિકેટ ટીમને ન્યુઝીલેન્ડને હરાવીને ICC પુરુષ T-20 વિશ્વ કપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે. રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને કહ્યું કે, આ ભારતનો ત્રીજો T20 વિશ્વ કપ છે. શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ટીમના ઉત્કૃષ્ટ પ્રદર્શનથી દેશભરના લાખો ક્રિકેટ પ્રેમીઓમાં અપાર આનંદ અને ગર્વ થયો છે.

અગાઉ, જ્યારે ઉપલા ગૃહ સવારે 11 વાગ્યે મળ્યું, ત્યારે ગૃહે તેના ભૂતપૂર્વ સભ્યો મુકુલ રોય, ડૉ. જનાર્દન વાઘમારે અને એચ. કે. દુઆને શ્રદ્ધાંજલિ આપી. ગૃહના સભ્યોએ દિવંગત આત્માને માન આપવા માટે થોડીવાર મૌન પણ પાળ્યું.

# PM-TEAM INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, T20 ક્રિકેટ વિશ્વ કપ જીતીને ભારતીય ટીમે સાબિત કર્યું કે દૃઢ નિશ્ચય, ધીરજ અને આત્મવિશ્વાસનો સંગમ જીવનમાં સફળતાનો મૂળભૂત મંત્ર છે.

સોશિયલ મીડિયા સંદેશમાં સંસ્કૃત શ્લોક શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે આ જીત દર્શાવે છે કે યોગ્ય દિશામાં સખત મહેનત કરીને દરેક લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. પ્રધાનમંત્રીએ દરેક નાગરિકને સતત અને સ્થિરતાથી તેમની આકાંક્ષાઓનું પાલન કરવાની સલાહ આપી.

# DAY PM WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં દેશનું આરોગ્ય માળખુ વધુ મજબૂત બન્યું છે. સબકા સાથ સબકા વિકાસ-લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવા અંગેના વિષય પર અંદાજપત્ર પછીના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે લોકોની આકાંક્ષાઓ પૂર્ણ કરવી એ ફક્ત ચર્ચાનો વિષય નથી, પરંતુ બજેટનો પાયો અને સરકારની પ્રતિબદ્ધતા છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે, આયુષ્માન ભારત યોજના અને આરોગ્ય મંદિર દ્વારા, દેશભરના ગામડાઓમાં આરોગ્યસંભાળ સેવાઓનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે, જ્યારે ભારતની યોગ અને આયુર્વેદની પરંપરાઓ વિશ્વભરમાં લોકપ્રિયતા મેળવી રહી છે.

બાઇટ : PM-ON-SKILL-CARE

પ્રધાનમંત્રીએ STEM ક્ષેત્રોમાં મહિલાઓની વધતી સંખ્યા પર ગર્વ વ્યક્ત કર્યો. શ્રી મોદીએ ભવિષ્યવાદી ટેકનોલોજીમાં દીકરીઓ માટે સમાન તકો સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. યુવા સંશોધકોને અવરોધો વિના નવીનતા અને પ્રયોગ કરવા માટે પ્રોત્સાહિત કરતી મજબૂત સંશોધન ઇકોસિસ્ટમ માટે હાકલ કરતા, તેમણે ભાર મૂક્યો કે, એક સંશોધન ઇકોસિસ્ટમ બનાવવી પડશે, જ્યાં યુવા સંશોધકોને પ્રયોગ કરવા અને નવા વિચારો પર કામ કરવાની સંપૂર્ણ તક મળી શકે.

બાઇટ : PM-ON-SPORTS

શિક્ષણ, રોજગાર અને ઉદ્યોગસાહસિકતા વચ્ચેના જોડાણની ચર્ચા કરતા, પ્રધાનમંત્રીએ એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ- AVGC ક્ષેત્રના પ્રોત્સાહન પર પ્રકાશ પાડ્યો.

બાઇટ : PM-MODI-ON-AVGC

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MY BHARAT- YUVA CONNECT

યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે આજે દિલ્હીમાં વિકસિત ભારત યુવા સંપર્ક કાર્યક્રમનો બીજો તબક્કો શરૂ કર્યો. વિકસિત ભારત 2047ના સંકલ્પ સાથે યુવાનોના જોડાણને મજબૂત બનાવવા માટે મેરા યુવા ભારત, માય ભારત દ્વારા આ પહેલનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

મંત્રાલયે માહિતી આપી કે રાષ્ટ્રીય રાજધાનીની 35 થી વધુ કોલેજોના 10 હજારથી વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. મંત્રાલયે જણાવ્યું કે, વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગના પ્રસ્તુતકર્તાઓ અને વિકસિત ભારત યુથ પાર્લામેન્ટના વિજેતાઓ સહિત યુવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભાગીદારીને વધુ પ્રેરણા આપવા માટે તેમના અનુભવો શેર કર્યા.

આ પહેલ 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 274 યુનિવર્સિટીઓ અને કોલેજો સુધી પહોંચી ચૂકી છે, જે અત્યાર સુધીમાં લગભગ 20 હજાર યુવાનોને એકત્ર કરી રહી છે. આ કાર્યક્રમમાં નોંધણી અને ભાગીદારી MY Bharat ડિજિટલ પ્લેટફોર્મ mybharat.gov.in દ્વારા કરવામાં આવશે.

# ISREAL STRIKE - BEIRUT

ઇઝરાયલી સેનાએ દાવો કર્યો છે કે બેરૂત પરના હુમલામાં લેબનોન કોર્પ્સના પાંચ વરિષ્ઠ કમાન્ડર માર્યા ગયા છે. ઇઝરાયલી સંરક્ષણ દળોએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે હુમલામાં માર્યા ગયેલા લોકોમાં લેબનોન કોર્પ્સના વરિષ્ઠ કમાન્ડર દાઉદ અલી ઝાદેહ, માજિદ હસીની, ગુપ્તચર કોર્પ્સના કમાન્ડર અલી રેઝા અઝાર અને હસન અહમદલોઉનો સમાવેશ થાય છે.

અન્ય એક પોસ્ટમાં, ઇઝરાયલી સંરક્ષણ દળોએ એવો પણ દાવો કર્યો હતો કે સુપ્રીમ લીડરના લશ્કરી કાર્યાલયના નવા વડા અબુ અલ-કાસિમ બાબાયન પણ માર્યા ગયા છે.

# REV. OIL PRICE

ઈરાન યુદ્ધ મધ્ય પૂર્વમાં ઉત્પાદન અને શિપિંગમાં અવરોધ ઉભો કરી રહ્યું હોવાથી, સાડા ત્રણ વર્ષથી વધુ સમયમાં પ્રથમ વખત તેલના ભાવ પ્રતિ બેરલ 100 યુએસ ડોલરને વટાવી ગયા છે.

આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ, બ્રેન્ટ ક્રૂડના પ્રતિ બેરલ ભાવ ગઈકાલે 101.19 ડોલર પર ટ્રેડ થઈ રહ્યા હતા, જે શુક્રવારે 92.69 ડોલરના બંધ ભાવથી 9.2% વધુ છે.

વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં વધારો થવા વચ્ચે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો તેહરાનના પરમાણુ ખતરાને દૂર કરવામાં આવે તો ટૂંકા ગાળાનો વધારાની કિંમત ચૂકવવા યોગ્ય છે. સોશિયલ મીડિયા સંદેશમાં, ટ્રમ્પે દલીલ કરી હતી કે ઈરાનની પરમાણુ ક્ષમતાઓનો નાશ થયા પછી તેલના ભાવ ઝડપથી ઘટશે.

# MEA-MALAWI

અલ નીનો અસરને કારણે થયેલા દુષ્કાળ પછી ખાદ્ય સુરક્ષા તરફ માલાવીના પ્રયાસોને ટેકો આપવા માટે ભારતે ન્હાવા શેવા બંદરથી એક હજાર મેટ્રિક ટન ચોખાની માનવતાવાદી સહાય મોકલી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે, આ પુરવઠો ગ્લોબલ સાઉથમાં ભાગીદારોને ટેકો આપવા અને દક્ષિણ-દક્ષિણ સહયોગની ભાવનાને આગળ વધારવા માટે ભારતની સતત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર છે.